# શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, યુ.એસ.એ.

# યુવા સત્સંગ પાઠશાળા

**પાઠ-૧૧**

તારીખ : ૨, મે ૨૦૦૯

## : જીવનનું નામું કેમ તપાસવું ? :

વ્હાલા સત્સંગ પાઠશાળાના ભક્તો !

તા. ૨ મે ૨૦૦૯ના રોજ યુવા સત્સંગ પાઠશાળાની સભાનો વિષય છે **'જીવનનું નામુ કેમ તપાસવું ?'**

વ્હાલા ભક્તો, જીવનનું નામું રાખવાથી...

- સત્સંગમાં આપણો વધારો-ઘટાડો જણાઈ આવે છે.
- સત્સંગમાં આગળ વધવાના નવા વિચારો ઉદય થાય છે.
- જીવનમાં કોઈ સંત-ભક્તનો દ્રોહ અથવા મોટી ભૂલ થવાની હોય તો તેનાથી ઉગરી જવાય છે.
- આપણાના મનની પવિત્રતા, મલીનતાનો ખ્યાલ આવે છે.
- આળસ-પ્રમાદ દૂર થાય છે. જીવનમાં જાગૃતિ આવે છે.
- ભગવાનના સંકલ્પો વધે છે અને જગતના સંકલ્પો ઘટે છે.

આવા અનેક લાભ થાય છે. શ્રીજી મહારાજ પણ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮માં વચનામૃતમાં કહે છે... 'સાંભળો વાત કરીએ છીએ જે, જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી.' એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો. અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી. અને એમ વિચારે નહિ ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહિ; જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના-મહિનાનું નિરંતર ચુકાવી દઈએ તો દેતાં કઠણ ન પડેને વર્ષ દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે, તેમ નિરંતર વિચાર કરવો.'

તો આ સભામાં **'જીવનનું નામું કેમ તપાસવું ?'** એ વિષય ઉપર વિચાર-વિમર્શ કરીશું.

જનમંગલના શ્લોક પણ ૪-૫ વાર વાંચી આવશો.

નમો નમઃ શ્રીહરયે, બુદ્ધિદાય દયાવતે;
ભક્તિ ધર્માંગજાતાય, ભક્તકલ્પ દ્રુમાય ચ. ૧

સુગન્ધ પુષ્પહારાદ્યૈ, વિવિધૈ રુપહારકૈઃ;
સમ્પૂજીતાય ભક્તૌઘૈઃ, સિતામ્બરધરાય ચ. ૨

નામ્નામષ્ટોત્તરશતં, ચતુર્વર્ગમભીપ્સતામ્;
સદ્યઃ ફલપ્રદં નૃણાં, તસ્ય વક્ષ્યામિ સત્પતેઃ ૩

**ખાસ નોંધ** : દર શનિવારે સવારના સમયે યુવા સભાની તૈયારી માટે એક નિશ્ચિત સમય કરી ઓછામાં ઓછી ૩૦ મીનીટ તે દિવસના વિષય ઉપર મનન, વિચાર કરવો. તથા આગલા વિષયોનું એક વાર પુનરાવર્તન કરી લેવું.